પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

## :- જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: વિશેષ શાખા/ એ સેકશન/ " ટેમ્પરરી રેડ ઝોન " / ६७ /2023 તા.૧૯/૦૬/૨૦૨૩

સુધારા હુકમ : ૧

સંદર્ભ :- (૧) એડી.ડી.જી.પી.શ્રી,ઇન્ટેલીજન્સ,ગુજરાત રાજય,ગાંધીનગર નાઓની કચેરીના પત્ર ક્રમાંક:જી/૧૪/પ્રોટ/૨૭૯૯/૨૦૨૩, તા.૧૯/૦૬/૨૦૨૩.

(૨) એડી.ડી.જી.પી.શ્રી,ઇન્ટેલીજન્સ,ગુજરાત રાજય,ગાંધીનગર નાઓની કચેરીના પત્ર ક્રમાંક:જી-૨/ડ્રોન/કાર્યવાહી/૪૬૫/૨૦૨૩, તા.૧૯/૦૬/૨૦૨૩.

(૩) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: વિશેષ શાખા/ એ સેકશન/ નો ડ્રોન ફ્લાય ઝોન/૬૫/૨૦૨૩,તા.૧૯/૦૬/૨૦૨૩

માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૧૯/૦૬/૨૦૨૩ થી તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ અમદાવાદ શહેર ખાતેના વિસ્તારો જેવા કે, એરપોર્ટ, થલતેજ, જમાલપુર, ન્યુ રાણીપ, ચાંદલોડીયા, બોડકદેવ, શાહીબાગ, એરપોર્ટ ખાતે જુદા જુદા કાર્યક્રમોમાં પધારનાર હોય તેમજ તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ અમદાવાદ શહેર ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૬ મી રથયાત્રા યોજાનાર હોઇ આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો મહાનુભાવશ્રી નાઓની તથા અમદાવાદ શહેરની જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતને હાની પહોંચાડે તેવી શકયતાને નકારી શકાય તેમ ન હોઇ જેથી અત્રેની કચેરીના સંદર્ભ (૨) ના કચેરી હુકમથી "નો ડ્રોન ફલાય ઝોન" અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. વધુમાં મીનીસ્ટ્રી ઓફ સીવીલ એવીએશન, ભારત સરકારશ્રીના તા.૨૫/૦૮/૨૦૨૧ ના ડ્રોન સબંધી રૂલ્સ-૨૦૨૧ ની જોગવાઇ મુજબ માહાનુભાવશ્રી નાઓના કાર્યક્રમ વાળા વિસ્તારોને ડ્રોન ફ્લાય માટે " ટેમ્પરરી (હંગામી) રેડ ઝોન " જાહેર કરવો પણ જરૂરી જણાય છે.

આથી હું પ્રેમ વીર સિંહ ઇન્ચાર્જ પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.-જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/ અન્વયે મને મળેલ સત્તાની રૂએ મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઇ અમદાવાદ શહેરના નીચે જણાવેલ વિસ્તારોને આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી તુર્તજ " ટેમ્પરરી (હંગામી) રેડ ઝોન" જાહેર કરૂ છુ.

## -:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળોને આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

## -:વિસ્તાર :-

એરપોર્ટ, થલતેજ, જમાલપુર, ન્યુ રાણીપ, ચાંદલોડીયા, બોડકદેવ, શાહીબાગ, એરપોર્ટ તથા રથયાત્રા સબંધીત અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો વિસ્તાર.

આ હુકમ તા.૧૯/૦૬/૨૦૨૩ ના કલાક ૧૮/૦૦ થી તા:૨૦/૦૬/૨૦૨૩ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

## : શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને.-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## -: જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૬/૨૦૨૩ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(પ્રેમ વીર સિંહ)
I/C પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના:**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેક્ટર-૨ અમદાવાદ શહેર.

(૧૭) અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧, ક્રાઈમ બ્રાંચ, અમદાવાદ શહેર.

(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ રીજીયન અમદાવાદ.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પોલીસ ઈન્સપેક્ટરશ્રી,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી ( C.P. Ahmedabad website ) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ ( અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ )